# બરછી


બરછી કાર્યાલય C/o.ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઇન રોડ, કોટેચા ગર્લ્સ હાઇસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

જાન્યુઆરી – ૨૦૨૩ વર્ષ: ૫૯
વર્ષ : જાન્યુઆરી થી ડીસેમ્બર વાર્ષિક લવાજમ : રૂા.૨૦૦

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫





## હું તો ઘેલી બની બનું ને...(ગીત)

હું તો ઘેલી બની બનું ને નિરખું છું રાહ તારી
મને સપનામાં કોણ રે જગાડી ગયું!
થાય એવા ભણકારા અંતરે ઝબકારા
મારી નીદરૂં કોણ રે બગાડી ગયું!
...મને સપનામાં કોણ...
અચરજની પાર નહિ વિસ્મય અપાર મહી
ભવો ભવની આ પીડા રે કોણ ભગાડી ગયું!
...મને સપનામાં કોણ..
આખુંય નભ અલી હાથમાં લઉં
હૈયે ઉમંગ ક્યાં રોકાતો?
સ્મરણની પીડા એવી બની કે
એનો ઘા ક્યાં રૂઝાતો?
મારા સપનાને કોણ રે જગાડી ગયું!
...મને સપનામાં કોણ..

—પ્રકાશ હાથી,રાજકોટ.
મો.૯૪૨૬૧૩૨૦૬૬

**હે ઈશ્વર** ! તું મને વધુ સુખ આપ, તે મારી માગણી નથી પરંતુ હું કોઈ દુખિયારાનો સહારો બનું તેવી મને બુદ્ધિ આપ, મારી બધી ઈચ્છાઓ પુરી થાય તેવી પણ મારી માગણી નથી પરંતુ કોઈકની હું જરૂરીયાત પૂર્ણ કરૂં, તેવી મને સમજ આપ, પ્રભુ મારો માર્ગ સરળ બનાવ,તેવી પણ મારી માગણી નથી, પરંતુ કોઈકની કેડીનો કંટક ન બનું તેવા આશિષ આપ, પ્રભુ તારી સેવા કરી મુક્તિ પામું એવી પણ મારી માગણી નથી, પરંતુ જે કોઈ સેવા કરે છે તેની આડે ન આવું તે શીખવ. મને બીજું જીવન આપ તેવી જરા પણ મારી માગણી નથી, પરંતુ હું જીવનમાં કોઈકના માર્ગનું પગથિયું બનું તેવી શક્તિ આપ. પ્રભુ મારા અંત સમયે તું મને દર્શન આપ તે પણ હું માગતો નથી, પરંતુ મારા અંત સમયે મને મારી ભૂલો માટે પશ્ચાતાપ કરાવી, મને માફી આપ આટલી જ મારી પ્રાર્થના છે.

– રાજેશ (રઘુવીર)ખારોડ,અમદાવાદ.

## ધન્યતા

તમે મારું શિરનામું બન્યા –
મારી ઓળખ ઉભી થઈ –
એક સાદા સીધા ફૂલમાં
મહેક ખરે ઉભરી ગઈ ...
ડોકિયું કર્યું મારા હ્રદયમાં –
કે તમારા એ ડોકીયાં થકી –
જે હતું ખાલીખમ તેમાં –
પ્રીત તો ભરી તરી રહી ....
હાથ પકડયો છે તો ખરે –
ન છોડશો જરાય ખસી જઈ –
સફર પૂરી થશે જરૂર –
કે મંજિલ સામે આવી ગઈ !

—જસમીન દેસાઈ 'દર્પણ'
મો. ૯૪૨૮૩૪૯૮૧૨




નોંધ : રાજકોટના વિચારશીલ શિક્ષક, લેખનનો પણ શોખ ધરાવતા મિત્ર યજ્ઞેશ માંકડ, તેમના 'ચોટદાર' મૌલિક અને સંકલિત વિચાર 'શુભમ્ ભવતુ' સાથે દરરોજ સવારે વ્હોટસએપ ઉપર મિત્ર વર્તુળ અને ગ્રુપ્સમાં નિયમિત મૂકે, જે મને પણ મોકલે. જેમાંથી ચયન કરીને દરેક પાને પતંગ આકારમાં સાભાર મૂક્યા છે. પસંદ પડે તો અમને/ તેમને (૯૪૨૮૭૦૦૭૧૩ ઉપર) ફોન/મેસેજ કરશો. —તંત્રી

## અમથાં તોય ગમતાં

તમે અમથાં,તો યે ગમતાં
કેવાં ફેરફુદરડી ફરતાં?
આકાશે સોહે ચંદ્રમાં
નયન તમારાં મને બહુ ગમતાં
લચકતી છે ચાલ તમારી
હોશ ઉડાડે મારા મનના
માથા પરના અંબોડામાં
ફુલ સુગંધથી મઘમઘતાં
હોઠો પર છે લાલી મજાની
ગાલનાં ખંજન બહુ ગમતાં
નાકમાં નથડી ખૂબ શોભે છે
કાનના કુંડળ ઝગમગતાં
મધુર ડોક પર હાર ઝૂલે છે
હાથનાં કંગન બહુ ચણકતાં
વાણી તમારી મધુર લાગે છે
મધુર વચનો ભવભવનાં
અમથાં અમથાં ક્યાં ચાલ્યાં તમે?
તમે જલ્દી આવો રણઝણતાં
તમે મને અમથાં અમથાં ગમતાં

—ભરત અંજારિયા,રાજકોટ
મો.૯૪૨૬૪૧૭૮૫૪

ખાઈમાં પડેલી
વ્યક્તિ કદાચ બહાર આવી
શકે પરંતુ અદેખાઈમાં પડેલી
વ્યક્તિ કદી બહાર
ન આવી શકે



## પાર્થ ભટ્ટની ઈન્ડિયન નેવીમાં કોમોડોર તરીકે વરણી

જૂનાગઢ સ્થિત બ્રિગેડીયર (નિવૃત્ત)શ્રી ઉમાકાન્ત પી.ભટ્ટના પુત્ર પાર્થ ઈન્ડિયન મીલીટ્રી એકેડેમીમાં તાલીમ મેળવ્યા બાદ નૌકાદળમાં જોડાયા હતા.ત્યાં સંન્નિષ્ઠ સેવા બજાવતાં કોમોડોર પદે બઢતી આપવામાં આવી.તેઓએ નવી દિલ્હીના નૌકાભવન ખાતે તેમના હોદ્દાનો પદભાર સંભાળ્યો. આ ૨૬ જાન્યુઆરીના રોજ તેઓને સેવા મેડલ પસંદ કરવામાં આવ્યા.જ્ઞાતિને ગૌરવ બક્ષવા બદલ 'બીગ સેલ્યૂટ.'

'શ્રી પાર્થ જૂનાગઢના સ્વ.હરદેવભાઈ મુગટરાય રાણા અને સ્વ.શાંતિબેન રાણાના દોહિત્ર- જી.ઈ.બી. ના ડાયરેક્ટર શ્રી પ્રફુલભાઈ રાણાના ભાણેજ થાય.

## પાર્થ અંજારિયા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થયા



મૂળ ગોંડલના રાજકોટ સ્થિત શ્રીમતી હેતલ તથા શ્રી ચૈતન્ય અંજારિયાના પુત્ર પાર્થ નવેમ્બર-૨૨માં લેવાયેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ સી.એ.ની પદવી મેળવી.

ચિ. પાર્થ સ્વ.ચંપકલાલ સી.અંજારિયા તથા કુસુમબેન અંજારિયાના પૌત્ર થાય.

## શ્રી ગોઘા હાટકેશ્વર મહાદેવ ફંડ, ભાવનગર

સંસ્થાની મહિલા પાંખનો પાંચમો વાર્ષિકોત્સવ અત્રેના શિવ શક્તિ હોલ ખાતે ઉજવાઇ ગયો.જેનું અતિથિપદ શ્રીમતી અર્ચિતાબેન દર્શકભાઈ મહેતા-પ્રમુખ અંધેરી નાગર મંડળ મુંબઈ-તથા અમદાવાદનાં શ્રીમતી યુતિબેન રાહુલભાઈ ઓઝાએ શોભાવ્યું હતું. સંસ્થાના પ્રમુખ શ્રી દધિચીભાઈ મહેતા,મંત્રી શ્રી ધર્મેન્દ્રભાઈ મહેતા તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓએ ઉપસ્થિત રહી મહિલા પાંખના કાર્યક્રમને પ્રોત્સાહન આપ્યું હતું. શ્રીમતી પૌરવીબેન ચંદ્રેશભાઈ ઓઝાના સ્વાગત પ્રવચન આપ્યા બાદ મહિલા પાંખના કન્વીનર જાગૃતિબેન દેસાઈએ તાજેતરની અને ભાવિ પ્રવૃત્તિઓની વિગત આપી હતી.ત્યારબાદ જ્ઞાતિની ઉદ્યમી બહેનો શ્રીમતી મૌર્વીબેન નિહારભાઈ ઓઝા,અંકિતાબેન વોરા,જલ્પાબેન વૈશ્નવ,દક્ષિણાબેન વિરલભાઈ ઓઝા,તૃષ્ણાબેન મેહુલભાઈ દેસાઈ,ભદ્રાબેન દિપકભાઈ મહેતા,મિતાલીબેન ધર્માંશુભાઈ મહેતા, હેતલબેન ભાવેશભાઈ વોરા,જાગૃતિબેન એચ.દેસાઈ તથા અત્રિબેન મહેતાનું સન્માનપત્ર તથા એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું.તૃષ્ણાબેન દેસાઈએ આભારવિધિ કરી હતી.

અ.ભા.નાગર પરિષદ ભાવનગરના ઉપક્રમે માગસર સુદ સાતમ તા.૧૪/૧૨/૨૨ના રોજ નરસિંહ મહેતા હારમાળા જયંતિ પ્રસંગે જૂનાગઢના ૬૫ વર્ષથી ભાવનગર સ્થાયી મુ.શ્રી લક્ષ્મીકાંતભાઈ વસાવડા,શાખા પ્રમુખ શ્રી ધીરેન્દ્રભાઈ વૈશ્નવ તથા અન્ય ઉપસ્થિત જ્ઞાતિજનો દ્વારા ભક્ત કવિ નરસિંહ મહેતાની પ્રતિમાને પુષ્પહાર-પૂજન કરવામાં આવ્યું હતું.

'ભૂલ'
પીઠ જેવી હોય છે,
બીજાની દેખાય
પોતાની નહી.

## સ્કેટિંગ માસ્ટર ખ્વાબ અંતાણી



તાજેતરમાં ગુરૂગ્રામ હરીયાણા ખાતે યોજાયેલ કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડના રમતગમત વિભાગ દ્વારા યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની સ્પીડ સ્કેટિંગ ટુર્નામેન્ટમાં રાજકોટની પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થી ખ્વાબ અંતાણી 'અંડર–૧૬' વય જૂથમાં સ્પીડ સ્કેટિંગની ૧૦૦૦ મીટર રીક રેસમાં વિજેતા બની બ્રાન્ઝ મેડલ મેળવ્યો. ગત ડિસેમ્બર માસમાં ઉદયપુર ખાતે યોજાયેલ વેસ્ટ ઝોન કક્ષાની આ જ ટુર્નામેન્ટમાં ગોલ્ડ મેડલ મેળવી રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.ખ્વાબ રાજકોટ અમદાવાદની જુદી જુદી એકેડેમીમાં સતત તાલીમ લઈ રહયા છે અને બાળ વયથી કિશોરાવસ્થા દરમ્યાન અનેક ટુર્નામેન્ટમાં વિજેતા પદ હાંસલ કરતા રહયા છે. અભિનંદન

## કુ. હિમાદ્રી અંતાણી એમ.ડી.ના અભ્યાસમાં પ્રવેશ



જામનગર સ્થિત પ્રો.ભરત અંતાણી તથા પ્રો.હેમા અંતાણીનાં પુત્રી ડો.હિમાદ્રી અંતાણીએ તાજેતરમાં લેવાયેલ પી.જી.માટેની NEET પરીક્ષા ઉત્તીર્ણ કરી M.D. (Radiation Oncology) ના ત્રણ વર્ષના અભ્યાસ માટે વડોદરા ખાતેના કૈલાસ કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટયૂટમાં પ્રવેશ મેળવ્યો.અભિનંદન.

ચિ.હિમાદ્રી, શ્રી ઉપેન્દ્રરાય ચુનિલાલ અંતાણી તથા હેમાંગિનીબેન અંતાણીનાં પૌત્રી થાય.

## ભૂષિત શુક્લ અતુલ્ય વારસો–૨૦૨૨ એવોર્ડથી સન્માનિત થયા

ગાંધીનગર ખાતે તા.૨૫/૧૨/૨૨ના રોજ હિસ્ટોરિકલ એન્ડ કલ્ચરલ રીસર્ચ સેન્ટર દ્વારા અતુલ્ય વારસો–૨૦૨૨ એવોર્ડ સમારોહ યોજાય ગયો.જેના મુખ્ય અતિથિ તરીકે શ્રી અનારબેન પટેલ–સામાજીક કાર્યકર, શ્રી કિશોરભાઈ મકવાણા–લેખક અને ચિંતક, ડો.જયેન્દ્રસિંહ જાદવ–ગુજરાત સાહિત્ય અકાદમી, શ્રી પુંજાબાપુ વાળા–હેરિટેજ પ્રવાસન સમિતિ સભ્ય તથા પર્યાવરણ વિદ્ શ્રી મનીષભાઈ વૈદ્યની ઉપસ્થિતિમાં યોજાયેલ આ સમારોમમાં કલા, સાહિત્ય,સંસ્કૃતિ, ઈતિહાસ જેવાં ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદાન આપનારને સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં સાહિત્યમાં ઉત્તમ પ્રદાન આપવા બદલ રાજકોટના કવિ શ્રી ભૂષિત શુક્લને 'અતુલ્ય વારસો–૨૦૨૨ એવોર્ડ' તથા પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.તેઓ ગીત,ગઝલ,ગરબાના રચયિતા કવિ છે. જ્ઞાતિ વતી બરછી પરિવારના ગર્વભેર અભિનંદન– શુભકામનાઓ.



માન્યતાઓમાં રાચવા કરતાં જેવા છો તેવા થઈને રહીએ તો જીવન સફળ થઈ જાય.

# હજુ આપને વિકાસયાત્રામાં સામેલ થવાનું બાકી છે?...

બાબા પરિવારના સહુ રોકાણકારો મક્કમ ગતિએ નક્કર પ્રગતિના મીઠા ફળ ચાખી રહયા છે. આવનારો સમય સાબિત કરશે કે જોડાયા એ લઈ ગયા ને જોતા રહયા તે રહી ગયા.

બાબા પરિવારમાં જોડાનાર સંતુષ્ટ રોકાણકારોની યાદી નીચે મુજબ છે..

| ક્રમ | નામ | વ્યવસાય | રોકાણ કરેલ રકમ |
|---|---|---|---|
| (૧) | ડો.હેમાંગભાઈ વસાવડા– | નામાંકિત ડોકટર–રાજકોટ | undisclosed |
| (૨) | સતિષભાઈ મહેતા– | વીડિયોગ્રાફર–રાજકોટ | રૂા.૧,૭૦,૦૦૦ |
| (૩) | હર્ષાબેન કાંતિલાલ વસાવડા | નિવૃત્ત કર્મચારી SBI | રૂા.૨,૨૫,૦૦૦ |
| (૪) | અંકુર વિરેનભાઈ ધોળકિયા | ITબીઝનેસ–વેબડેલોપર–રાજકોટ | undisclosed |
| (૫) | જલદીપ રાજેશભાઈ વસાવડા– | માઈક્રોસોફટ કંપની–હૈદ્રાબાદ | રૂા.૧,૨૦,૦૦૦ |
| (૬) | વૈષ્ણવીબેન બ્રહ્મચારી | સિનિયર સીટીઝન– અમદાવાદ | રૂા.૪૮,૦૦૦ |
| (૭) | અલકાબેન ઉમેશભાઈ વસાવડા– | નિવૃત્ત શિક્ષક–સિનિ. સીટીઝન–અમદાવાદ | undisclosed |
| (૮) | યોગેશભાઈ અંજારીયા– | નિવૃત્ત PSI સિનિયર સીટીઝન–રાજકોટ | undisclosed |
| (૯) | રાજુભાઈ ઓઝા – | નિવૃત્ત તલાટી સિનિયર સીટીઝન–પોરબંદર | undisclosed |
| (૧૦) | બંદિશ ધોળકિયા | કર્મચારી–ફ્રેન્ડસ & ફ્રેન્ડસ ગ્રુપ–ગાંધીધામ | undisclosed |
| (૧૧) | જીતેન્દ્રભાઈ માંકડ– | સિનિ. સીટીઝન(ડો.યોગેન્દ્ર માંકડના ભાઈ)–અમદાવાદ | રૂા.૮૫૦૦ |
| (૧૨) | પલ્લવ માંકડ | કર્મચારી મારવાડી શેર્સ –રાજકોટ | રૂા. ૭૨૦૦૦ |
| (૧૩) | પરાગ બક્ષી | નિવૃત્ત કર્મચારી દેનાબેંક–વડોદરા | રૂા. ૧૨૦૦૦ |
| (૧૪) | હિમાંશુ પોટા | સિનિયર સીટીઝન–પોરબંદર | રૂા. ૧૦૦૦ |
| (૧૫) | દુર્ગેશ વૈશ્નવ | IOB ઓફીસર (નિવૃત્ત)રાજકોટ | રૂા. ૫૦૦૦ |
| (૧૬) | રવીન્દ્ર નાણાવટી | IT અધિકારી (નિવૃત્ત)રાજકોટ | રૂા. ૫૦૦૦ |

• બાબા ટ્રાવેલ્સનો પરિવાર વિશ્વસનીયતા અને પારદર્શકતા થકી વિસ્તરી રહયો છે, જેમાં આપને પણ ફક્ત એક હજાર રૂપિયાના મામૂલી રોકાણ થકી સામેલ થવા પ્રેમભર્યું નિમંત્રણ છે.

સંપર્ક : સતિષ મહેતા–મો.૯૮૭૯૩૩૩૫૧૩/યોગેશ અંજારિયા–મો.૯૮૨૫૪૯૨૮૫૬

# : સમાચાર સંચય :

**મુંબઈ :** અત્રેનાં શ્રીમતી રાગિણીબેન વૈદ્યે ૭૦ વર્ષ પૂરાં કરતાં જૂનાગઢ જિલ્લા ભ્રાતૃ મંડળ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યાં.

– ભાવનગર ખાતે યોજાય ગયેલ નાગરાણી ક્રિકેટ ટુર્નામેન્ટમાં સ્વ. બાલેન્દુભાઈ વૈદ્યની સ્મૃતિમાં વિજેતા ટીમને ટ્રોફી શ્રીમતી રાગિણીબેન તથા શ્રી રમેશભાઈ વૈદ્યના હસ્તે આપવામાં આવી.

**રાજકોટ :** અત્રેના રૈયા નાગર મંડળ તથા અ.ભા.ના.પરિષદના ઉપક્રમે તા.૨૨/૧ના રોજ શ્રી કૃતાર્થભાઈ દેસાઈના નિવાસસ્થાને તેઓ દંપતીએ જાત મહેનતથી વિવિધ ફુલછોડ અને ઝાડપાનથી સજાવેલ ગાર્ડન ના રમણીય વાતાવરણમાં, સાંજે ૬થી ૧૦સુધી રાજકોટનાં કિંજલબેન પરમારના કંઠે, કરાઓકે ટ્રેક આધારીત ફિલ્મી સંગીત બેઠકનું આયોજન થઈ ગયું. કિંજલબેને સતત બે કલાક સૂરિલા કંઠે ફિલ્મી ગીતો રજૂ કરી ઉપસ્થિત ઓછા પણ રસિક શ્રોતાગણને સંગીતમાં રસતરબોળ કર્યા હતા.તેઓ વિશારદ થયેલાં છે અને ગુજરાતી ફિલ્મોમાં પાશ્વ ગાયિકા તરીકે સ્થાન મેળવ્યું છે.ઉપરાંત સતત ૧૦૧ ફિલ્મી ગીત ગાયન બદલ એશિયા બુક ઓફ રેકોર્ડ તેમજ ઈન્ડીયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવવા સહીતની અનેક સિદ્ધિઓ મેળવી છે.કાર્યક્રમ દરમ્યાન કૃતાર્થભાઈના માતુશ્રી મુ.વ.સનીબેનના શતાબ્દિ વર્ષ નિમિત્તે બંને સંસ્થાઓ દ્વારા તેઓનું સન્માન કરી સૌએ આશીર્વાદ મેળવ્યા હતા.

–– કાવ્ય રચના,ગઝલ લેખનનો શોખ ધરાવતા મૌલિક યુવા કવિ, લેખક કૃતજ્ઞ પરેશભાઈ પંડયા દ્વારા તેમની કલમે લખાયેલ વાર્તાઓ,ગઝલ,અને દૂહાઓનું પુસ્તક તાજેતરમાં પ્રકાશિત કરવામાં આવ્યું.(વધુ વીગત છેલ્લે પાને)

**જામનગર :** અત્રેના શ્રી વામનભાઈ તથા શ્રીમતી પ્રજ્ઞાબેન જાની તરફથી તેમનાં પુત્રી સ્વ.પ્રીતિબેન જાનીના સ્મરણાર્થે શ્રી હાટકેશ્વર મંદિરના સંકુલમાં સોલાર પેનલ, સીસીટીવી કેમેરા માટે રૂા.૩,૫૧,૦૦૦/નું માતબર અનુદાન આપવામાં આવ્યું.પ્રેરક અને ઉદાત ભાવના વંદનને પાત્ર છે.

---

## સગપણ–સગાઈ :

✸ જામનગર સ્થિત શ્રીમતી અંજલી તથા શ્રી રાજેન્દ્ર દિનકરરાય ઓઝાના પુત્ર ઉત્કર્ષનું સગપણ જૂનાગઢ સ્થિત શ્રીમતી માધવીબેન તથા શ્રી મયુરભાઈ વસાવડાનાં પુત્રી ધરતી સાથે.

✸ જામનગર સ્થિત શ્રીમતી હિતાર્થી તથા શ્રી ધીરેન દિનકરરાય ઓઝાના પુત્ર ઉજજવલનું સગપણ રાજકોટ સ્થિત શ્રીમતી પાયલબેન અને શ્રી ઉદયભાઈ માંકડનાં પુત્રી અક્ષિતા સાથે.

✸ વડોદરા સ્થિત શ્રીમતી દર્શના તથા શ્રી રાજન પી.બુચનાં પુત્રી ઉત્સવીનું સગપણ વડોદરા સ્થિત શ્રીમતી વિરાજ તથા શ્રી જયેશ કચ્છીના પુત્ર હર્ષ સાથે.

✸ રાજકોટ સ્થિત સ્વ.જયેશભાઈ તથા દિપ્તીબેન કીકાણીના પુત્ર ધર્માગનું સગપણ જૂનાગઢ નિવાસી શ્રી હેમાંગભાઈ અને શ્રીમતી પન્નાબેન વસાવડાનાં પુત્રી તર્જની સાથે.

## સુવિચાર...

✧ પુષ્ટિ એટલે પરમાત્માની નિરવિઘ્ન કૃપા,ભગવાનની કૃપા વિના જ્ઞાન અને કર્મ નિરૂપયોગી છે. ભગવાન પોતાના અનુગ્રહથી ભકતને પોષે છે.

✧ ઈશ્વર નિર્ગુણ એટલે કે રસકસ વિનાનો નથી પરંતુ ઐશ્વર્ય અને અનેક શકિતથી પરિપૂર્ણ છે.એ સાકાર પણ છે અને નિરાકાર પણ છે.જીવ ઈશ્વરનો અંશ છે.

✧ મનુષ્યનું ચિત્ત કેવળ નિર્દોશ બને તો જ ભગવાન પ્રસન્ન થાય.બાળક જેમ નિર્દોષભાવે સર્વે પદાર્થોનો આંદ લે છે તેવી જ રીતે સૌએ આનંદ લેવો જોઈએ.

✧ બાળકના પ્રેમમાં જેમ વિકાર હોતો નથી તેમ આપણા પ્રેમમાં પણ વિકાર ન રહે એવી સૌને શુભકામના. જીવનમાં સફળતા મેળવવા માટે આપણે ધીરજને પરમ મિત્ર,અનુભવને બુદ્ધિમાન સલાહકાર,સાવધાનીને મોટો ભાઈ અને આશાને પોતાનો સંરક્ષક બનાવીએ.

## મજા આવી જાય...

કોઈ અધૂરૂં સ્વપ્ન ફળી જાય તો મજા આવી જાય..
કોઈ રૂઠેલું જો પાછું વળી જાય તો મજા આવી જાય..
આપણે ક્યાં જોઈએ છે છાંયડો,આખા ઝાડનો ભલા,
એક ડાળ આ બાજુ વળી જાય તો મજા આવી જાય..
મનમાં થતી હોય મુંઝવણ કે એમને ગમશે નહી,
એ જ દિલની વાત કળી જાય તો મજા આવી જાય..
અજાણ્યા મેળામાં એકલા અથડાતા હોઈએ આમતેમ,
કોઈ મનગમતું સામે મળી જાય તો મજા આવી જાય..
સંઘર્યા છે કાયમ, કદી સોદા નથી કર્યા સરેબાજાર,
મુશાયરના માર્કેટમાં શેર ઉછળી જાય તો મજા આવી જાય..
મનુષ્યને તો માણવું છે મનભરી,મનમૂકીને મોજથી,
પણ ! 'એની' ગોદમાં આંખ ઢળી જાય તો મજા આવી જાય..
'મિત્ર' આપણે નથી કંઈ સાધુ સંત કે અવતારી ઓલિયા,
આ ભવસાગરના ફેરા ટળી જાય તો મજા આવી જાય.

સંકલન : ડાકોરભાઈ ત્રિવેદી,રાજકોટ.




દુનિયામાં છોડવું જ હોય તો બીજાને નીચા દેખાડવાનું છોડી દો

સંબંધો કદી નફો કે નુશશાન નથી જોતા કારણ કે તે વેપાર નથી વ્યવહાર છે.

જ્યારે તમારી ઓળખ આપવાની જરૂર ન પડે ત્યારે તમે સાચા અર્થમાં સફળ.

ભૂલતાં શીખો દુનિયા પણ એક દિવસ એ જ કરશે.

## ભગવાન ક્યાં છે?

એક ગામમાં કપુરચંદ શેઠ ને તેમનાં પત્ની હીરાલક્ષ્મી.સ્વભાવે માયાળુ,ધાર્મિક મનોવૃત્તિવાળા અને કર્મના પ્રતાપે લક્ષ્મી માતાની અસીમ કૃપા.ચાર હાથ એમની ઉપર.મોટી હવેલી એટલે જબરજસ્ત. તેમના પિતા હરખચંદની સંપતિ પોતે પણ જાળવી રાખી.ધંધો અનાજ એક ગામથી બીજે ગામ મોકલે. જોરદાર સંપતિ હોવા છતાં આ ધંધો કરતા હતા.તેમને સંતાનમાં એક પુત્ર સુકેતુ.પુત્રી સરિતા. બંને સંતાનો માં માતા પિતાના સંસ્કાર વારસામાં ઉતરેલા.

દિવાળી નજીક આવતી હોવાથી તેમના પુત્ર સુકેતુએ કહયું,'પિતાજી આ વખતે દિવાળી જુદી રીતે જ ઉજવવાની છે.કપુરચંદ શેઠે કહયું.'બોલ બેટા! તો કહે કે આપણુ જ ન વિચારતાં બિચારા ઝૂંપડપટ્ટીમાં રહેતા ગરીબ પરિવારની દિવાળીનું શું! તે લોકો માટે અનાજ,કરિયાણુ,ગોળ,ઘી,તેલ,કપડા વગેરે અને થોડી મીઠાઈ,ફટાકડા.જે આપણે મોકલીને દિવાળીની ઉજવણી કરી કહેવાય..બરોબરને પિતાજી? શેઠે હા પાડી અને માતા અને બહેને સાથ પૂરાવ્યો કે તારો વિચાર ખૂબ જ ઉત્તમ છે.પોતા માટે સૌ વિચારે,બીજા માટે પણ વિચારવું જોઈએ.તો મુનીમજીને કહો ને તૈયારી કરી બધું જ મોકલી આપો.

બીજી બાજુ ઝૂંપડપટ્ટીમાં રહેતા રવજી મજુર,તેની પત્ની જશોદા અને તેને ત્રણ સંતાન.ગોપાલ, સમજુ,કમલેશ.બે દીકરા ને એક દીકરી.ઉમરમાં ૧૩ વર્ષનો દિકરો,૯ વર્ષની દીકરી ને ૬ વર્ષનો દિકરો. રવજીના પત્ની રાત્રે કહે,'તમને લોટ તેલ લાવવાનું કહયું હતું તે ન લાવ્યા?'છાણા લાકડા વીણી ચૂલો બાળું પરંતુ લોટ તેલ વગર રોટલા ક્યાંથી રાંધું? આ થોડી ખીચડી છે તે ખાઈ લ્યો! ત્યાં રવજી બોલ્યો,'આજે કાંઈ જ મજરી નથી મળી તો શું કરૂં,ક્યાંથી લાવું? આપણે ગરીબને દિવાળી શું હોય?ફટાકડા,મીઠાઈ કપડા તો છોકરાવને નસીબ નથી પરંતુ રોટલાએ નસીબ નથી.'આકાશ સામે જોતાં રવજી બોલે છે,'ભગવાન છે જ ક્યાં?' કાલે સવારે મારો ભાઈબંધ કાનજી પાસેથી ઉછીના બહો રૂપિયા લઈને તેમાંથી લોટ તેલ લાવીશ હો!

ત્યાં તો કપુરચંદ શેઠના માણસો આવ્યા અને કહે રવજી, આ શેઠે માલ,બધું જ કરિયાણું,કપડા, મીઠાઈ અને પાંચ હજાર રોકડા મોકલ્યા છે લ્યો મનાવો દિવાળી.જલ્દી કરો રવજી..અમારે બીજે દેવા જવાનું છે.તેમની પત્ની જશોદા અને રવજી બોલ્યાં..લ્યો ભગવાન તો આપણે આંગણે કપુરચંદ શેઠ અને સુકેતુના દિલમાં લાગણી બનીને આવ્યા.

<u>સારાંશ</u> : જો દરેક અમીર વ્યકિત,જેને ઈશ્વરે કર્મ પ્રમાણે સંપતિ આપી હોય તો તહેવારો,શુભ પ્રસંગ,જન્મ દિવસ જેવા પ્રસંગોમાં ખર્ચ ન કરીને અન્ય ગરીબના ઘરમાં દિવાળીના દીવા પ્રગટાવી ઉજવણી કરે તો સાચા અર્થમાં દિવાળી જ ઉજવી કહેવાય...અને ભગવાનને ગોતવાની જરૂર નથી પરંતુ કપુરચંદ શેઠ અને સુકેતુ જેવા બની દરિદ્રનારાયણની સેવા કરીએ તો ભગવાન અહીં જ છે.

— મીનાક્ષી જે.ધોળકિયા,જૂનાગઢ.

જ્યાં સુધી સાચી વાત
ઘરની બહાર આવે ત્યાં સુધી
ખોટી વાતે અડધી દુનિયા સફર
કરી લીધી હોય છે.

# FINANCIAL PLANNING

દરેક વ્યકિતને પોતાની જિંદગીના દરેક તબકકે નાણાકીય વ્યવસ્થાપનની જરૂર પડતી હોય છે. બાળકના ઉચ્ચ ભવિષ્યથી લઈને પોતાના રીટાયરમેન્ટ લાઈફ સુધી જો નાણાંકીય મેનેજમેન્ટ વ્યવસ્થિત થઈ જાય તો નિશ્ચિત રૂપે સ્ટ્રેસ ફ્રી જીવી શકાય.

અહીં મારે છ મુદ્દાઓ વિશે વાત કરવી છે જે યુવા વર્ગને ખૂબ જ ઉપયોગી થશે.

(૧) **Emergency Fund :** તમારી છ મહિનાની આવક તમારા સેવિંગ એકાઉન્ટમાં હોવી જોઈએ. જેથી ક્યારેય પણ કોઈ અચાનક ખર્ચ આવે તો આપણે આપણુ રોકાણ(ઇન્વેન્ટમેન્ટ) તોડયા વગર એ ખર્ચને પહોંચી વળવા સક્ષમ હોઈએ.જેનું ઉત્તમ ઉદાહરણ કોરોનાની પરિસ્થિતિ છે..વેપાર,ધંધા, નોકરી જ્યારે તકલીફ પડી હતી ત્યારે આ ફંડ આપણને ખૂબ જ ઉપયોગી નીવડે છે.

(૨) **Short term and long term goals :** તમારે તમારી આવક સાથે તમે જે પણ લક્ષ્ય રાખ્યા હોય તેને શોર્ટ ટર્મ અને લોંગ ટર્મમાં વિભાજીત કરી નાખો અને બાસ્કેટને અલગ રાખી બંને માટે અલગ અલગ ઈન્વેસ્ટમેન્ટ કરો જેથી કોઈ નિશ્ચિત લક્ષ્ય (ગોલ) પૂરું કરવા તમે કયા ફાઈનાન્સીયલ સ્ટેજ પર છો તેની જાણકારી રહે. અને એ ગોલ પૂરો કરવા હજુ કેટલું નાણાકીય આયોજન જરૂરી છે તેની પણ જાણકારી રહે.

(૩) **Teach your dependents term plan :** વીમો લેવો એ આપણા પરિવાર માટે વધુ જરૂરી છે. PURE PLAN સાથે બીજી કોઈ જ સ્કીમ નહી.આપણા પરિવારો આપણી– પરિવારજનની ખોટ પૂરી નહી કરી શકે પરંતુ આપણા પરિવારને ભવિષ્યમાં આર્થિક મુશ્કેલી પડે નહીં તે જોવાની જવાબદારી આપણી છે.સાથે સાથે તમે જે પણ ફાઈનાન્સીયલ પ્લાનીગ કરો તે તમારા પરિવારને અને ખાસ તો તમારી પત્નીને ખબર હોવી જોઈએ.જેથી બંને સાથે મળીને નાણાકીય આયોજન કરી શકો.

(૪) **Retirement Planning :** જો પરફેકટ ફાઈનાન્સીયલ પ્લાનીગ કરવું હોય તો જ્યારથી તમારો પહેલો પગાર આવે ત્યારથી જ એક નાનો હિસ્સો તમારા રીટાયરમેન્ટ પ્લાનીગ માટે આપો.જેમ જેમ મોટા

દરેક માણસ યોગ્ય વ્યકિત શોધવાનો પ્રયત્ન કરે છે પણ કોઈ યોગ્ય વ્યકિત બનવાનો પ્રયત્ન કરતું નથી.

સારો માણસ મતલબી નથી હોતો,બસ..દૂર થઈ જાય છે એવા લોકોથી જેને તેની કદર નથી હોતી.

ચાહતા રહેશો તો કોઈ પારકું નથી,ચકાસતા રહેશો તો કોઈ પોતાનું નથી.

દુનિયામાં છોડવું જ હોય તો બીજાને નીચા દેખાડવાનું છોડી દો

થઈએ તેમ જવાબદારી વધે અને ખર્ચ પણ વધે માટે આપણે ઈચ્છીએ ત્યારે રીટાયર થઈ શકીએ તે માટે આ પ્લાનીગ શરૂઆતથી જ મહત્વનું છે.

(૫) **3 Bank Accounts** : જ્યારે પણ તમારી ઈન્કમ શરૂ થાય ત્યારથી જ ત્રણ એકાઉન્ટ રાખો. સેલેરી,એક્સપેન્સ તથા ઈન્વેસ્ટમેન્ટ.ઉદાહરણ તરીકે જો તમારૂં ઈન્વેસ્ટમેન્ટ એક જ એકાઉન્ટ માંથી થતું હશે તો યાદ રાખવાની જરૂર જ નહી પડે.ખર્ચ સરળતાથી જોઈ શકાશે.સેવિંગ એકાઉન્ટમાં ઈમરજન્સી ફંડ હશે જ.શરૂઆતમાં આ પ્રોસેસ થોડી લાંબી લાગે પણ માસિક બજેટને સાચવવા આ બહુ સારો રસ્તો બની રહેશે.

(૬) **Spend for the good cause** : આપણી આવકમાંથી નાનો હિસ્સો આપણે કોઈપણ સારા કામમાં વાપરીએ.જેનું નાણાકીય મૂલ્ય ભલે કદાચ ઓછું હોય પણ જો એ આપણી આવકમાંથી થોડો ભાગ અન્ય માટે કે કલ્યાણકારી કાર્યો માટે કાઢવામાં આવેલ હશે તો એ ચોક્કસ હજારગણો થઈને પાછો આવશે.

યશોધરા વૈશ્નવ,અમદાવાદ.–મો.૯૫૫૮૬૮૮૪૯૬

(Certified Financial Education Instructor)


---

**અઢાર સિદ્ધાંતીઓ :**

આપણા ઋષિમુનીઓએ અનેક પ્રકારની ગ્રહ સ્થિતિનો વિચાર કરીને પોતાના અનુભવ પ્રમાણે તથા દેશકાળનો નિર્ણય કરીને જ્યોતિષના અઢાર સિદ્ધાંતીઓ જણાવેલ છે–૧. સૂર્ય ૨.બ્રહ્મા ૩. વ્યાસ ૪. વસિષ્ઠ ૫. અત્રિ ૬. પરાશર ૭. કશ્યપ ૮. નારદ ૯. ગર્ગ ૧૦. મરીચિ ૧૧. મનુ ૧૨. અંગીરા ૧૩. લોમેશ ૧૪. પૌલિશ ૧૫. ચ્યવન ૧૬. યવન ૧૭. બ્રુહસ્પતિ ૧૮. શૌનક.–ડાકોરભાઈ ત્રિવેદી,રાજકોટ

---

## અનંતના યાત્રીઓને...



જૂનાગઢ : નિરંજનાબેન બંસીધર મજમુદાર ૮૧ વર્ષ,કૃષ્ણકુમાર મનુભાઈ વૈશ્નવ–૯૧ વર્ષ,અનિલભાઈ વૈશ્નવ. –જામનગર : વર્ષાબેન પ્રકાશભાઈ વૈદ્ય
ભુજ : ક્રિશ્નાબેન મૃદુલચંદ્ર ધોળકિયા–૮૭ વર્ષ, અનિલભાઈ ગુણવંતરાય વૈદ્ય–૭૨ વર્ષઅમદાવાદ : પ્રવિણાબેન માંકડ, હિમાંશુભાઈ જયકાંતભાઇ ધોળકિયા–૬૭ વર્ષ, હેમેન્દ્ર શશિકાન્તભાઈ વોરા–૬૧ વર્ષ, ભુલાભાઈ જી. ખારોડ
ભીવંડી(રાજસ્થાન) : જયમંગલભાઈ ઓઝા–૯૩ વર્ષ–
મુંબઈ : અંતરિક્ષ મહેશકુમાર ઓઝા,
પુના : હર્ષાબેન યજ્ઞેશભાઈ ઓઝા–
રાજકોટ : ઋષિકુમાર મગનલાલ નાણાવટી,વર્ષાબેન કિકાણી–૬૮ વર્ષ, કુલીનભાઈ ડોલરરાય ધોળકિયા–૮૬ વર્ષ, દિનેશભાઈ જયસુખલાલ હાથી, ઉમેશ પર્જન્યરાય સ્વાદિયા, લલિતરામ સંપતરામ ઓઝા– ૮૪ વર્ષ

હે પ્રભુ..
અરીસો સાફ કરતાં
'હું'નજર આવ્યો પણ...
'હુ' ને સાફ કરતાં
તું નજર આવ્યો.

# નરસિંહનો નાગરોને પત્ર

વ્હાલા જ્ઞાતિબંધુઓ....જય હાટકેશ.

**આજની ઘડી તે રળિયામણી, મારો વ્હાલાજી આવ્યાની વધામણી જી રે...**

'આપણા મૃત્યુ લોક'માં કોરોના કાળના બે કપરા વર્ષ પછી રૂડો અવસર આવ્યો છે, ત્યારે ચાલો હું પણ કેદાર રાગ ગાઈને બે વર્ષ પછી આવેલ સુખદ ઘડી ને વધાવી લઉં. 'આપણું મૃત્યુલોક' એ અવતરણ ચિન્હમાં એટલે લખેલ છે કારણ કે તમને તો યાદ જ હશે કે મેં એમ કહેલું છે કે, **'હરિના જન તો મુક્તિ ન માંગે, માંગે જન્મો–જન્મ અવતાર રે.'** તેથી હું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તમારી સાથે જ છું.



મને બરોબર યાદ છે કે, આશરે ૫૫૦ વર્ષ પહેલાં જૂનાગઢના હરિજન વાસમાં જઈને આ પદ ગાયું ત્યારે હું તો આ પદ ગાતાં–ગાતાં સહજ ધ્યાનમાં સરકી ગયેલો. તમે તો જાણો છો કે ૫૦૦ વર્ષ પહેલાં પણ હું તો કોઈ છૂત–અછૂતમાં માનતો જ ન હોતો, પરંતુ મને જાણ છે ત્યાં સુધી આજે પણ હરિજનને સામાન્ય પ્રવાહમાં લીધા નથી અને આરક્ષણના નામે મત બેંકનું રાજકારણ ચાલે છે. નાત–જાતના ભેદભાવ રહેશે ત્યાં સુધી 'ઘડી રળિયામણી' કેવી રીતે બનશે મારા જ્ઞાતિજનો?

જૂનાગઢમાં મારો ચોરો ૬૧૪ વર્ષ પછી પણ તમે બરોબર સાચવી રાખ્યો છે. દામોદર કુંડ તો મને બહુ વ્હાલો, રોજ સાવરે ત્યાં ન્હાવા જતો. આજે તેની સ્થિતિ કેવી છે ? મારી મૂર્તિ તો ત્યાં સ્થાપિત કરી છે, પણ દામોદરની સ્વચ્છતા અને પવિત્રતા એટલી જ જાળવી છે કે નહીં ? એ મને જણાવજો તમારા આત્માનો અવાજ મારા સુધી પહોંચી જશે.

**'તળેટી સમિપ એવું લાગ્યા કરે છે, કરતાલ હજુ ય વાગ્યા કરે છે'** – આવું મારા જૂનાગઢના કવિ રાજેન્દ્ર શુકલ લખે છે. કવિની અનુભૂતિને મારા વંદન અને એ વાત એટલી જ સાચી કે હું તો 'તળેટીનો માણસ' ટોચ પર જવાની કે રહેવાની ખેવના ન હોય તો શામળિયો પણ તળેટી સુધી આવ–જા કરતો રહે તે તો તમે સપેરે જાણો જ છો. મારે આજે તમોને સહજ સરળતામાં રહેવાનો જ સંદેશો આપવો છે.

સપના એવાં હોવાં જોઈએ કે ઊંઘ જ ન આવે,અથવા ઊંઘ એવી હોવી જોઈએ કે સપના જ ન આવે

સમજદાર હું જ બાકી બધા નાદાન, આ બ્રહ્મમાં ખોવાયો છે ઈન્સાન

વિશ્વાસ એક એવો છોડ કે ઉછેરવા માટે પણ વિશ્વાસનું પાણી રેડવું પડે.

લાગણી જીવનની સૌથી ખતરનાક નદી જેમાં બધા તણાઈ જાય છે.

હવે તો તળીટીથી ટોચ સુધી 'રોપ—વે'ની સુવિધા થઈ જતાં અંબાજીના દર્શન કરવા દરેક માટે સુગમ બની ગયાં છે. તો આ બાજુ વડનગરમાં શર્મિઠા તળાવને પણ નવો પ્રાણ પૂરવામાં આવ્યો છે તે જાણ્યું. ત્યાં તમે મારી દોહિત્રીની યાદમાં તાના—રીરી ઉત્સવ પણ ઉજવો તેનો રાજીપો વ્યકત કરું છું, કયારેક કાન દઈને એટલે કે અંતઃમનના કાને સાંભળશો તો તેમણે ગાયેલ મલ્હાર પણ તમને સંભળાશે અને એ રીતે તાના—રીરી સંગીત સમારોહની સાચી ઉજવણી કરી શકશો.

મારું ભજન **'વૈષ્ણવ જન તો તેને રે કહીએ'** આંતર રાષ્ટ્રીય સ્તરે ગુંજતું થઈ ગયું છે તેની ખબર પડી, હમણાં બ્રહ્માંડના રહસ્યોની શોધ કરવા વૈજ્ઞાનિકો મથામણ કરી રહ્યા છે ત્યારે તેના સંદર્ભમાં **'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ'** નો સંદર્ભ પણ સારા સારા લેખકો ટાંકી રહ્યા છે તે મારા શ્રીહરિને પણ ગમ્યું છે.

**'હાથ બાળ્યા તોય ઈ વર ન દેખાયા, કયાંક તો ખુટ્યું હશે ને નરસિંહપણું'** – એમ શબનમ ખોજા એ લખ્યું છે તે પણ વાંચ્યું. આ બાબતે એક સૂચન કરવાની ઈચ્છા થાય છે કે ઈશ્વરના સાક્ષાતકાર માટે હાથ બાળવાની જરૂર જ નથી. હું તો રાસલીલામાં સમાધી અવસ્થામાં પહોંચી ગયેલો તેથી મને મારા શરીરનું ભાન ન રહ્યું અને એ કારણે હરિએ આપેલ મશાલની સાથે મારો હાથ બળી ગયો. આધ્યાત્મિક દ્રષ્ટિ એ એક સાહજિક ઘટના હતી, તમે પણ તમારા 'હું' ને છોડી દો, હળવાફુલ થઈ જાવ તો હાથ બાળ્યા વગર પણ ઈશ્વરને પામી શકશો.

દિવાળીએ ઘરનો દરેક ખૂણે ખૂણો સ્વચ્છ રહે તે માટે કાળજી લઈએ છીએ..છેલ્લા થોડાક વર્ષથી તો આખા ભારતમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું છે તેનો રાજીપો. બહારી સફાઈની સાથે ભીતરી સફાઈ કરીને હ્રદયના ખૂણાને સાફ સુથરું રાખીએ એ જ સાચી દિવાળી. સ્વચ્છાગ્રહનું મારું પદ હાટકેશજનોને તો યાદ જ હશે **'શેરી વળાવી સજજ કરું, ઘેર આવોને ! આંગણે પથરાવું ફૂલ, વાલમ ઘેર આવો ને..'**

**'જે ગમે જગતગુરૂ દેવ જગદિશને, તે તણો ખરખરો ફોક કરવો.'** કોરોના મહામારીમાં મારા ઘણાં જ્ઞાતિજનો એ પોતાના સ્વજનો ગુમાવ્યા છે. તેમના માટે આશ્વાસન રૂપી હું આ મારા જ શબ્દોનો ફરીથી પ્રયોજીને સાંત્વના પાઠવું છું.

**'ભણે નરસૈંયો તેનું દર્શન કરતાં કુળ એકોતેર તાર્યા રે'** – આ પદ ફરી એક વખત ગાઈને નાગર પરિવારની એકોતેર પેઢીનો ઉદ્ધાર થાય, આવનાર ભવિષ્યની પેઢી પણ સુસંસ્કારી, સંતોષી, સંયમી અને સુખી બની રહે તેવી શામળિયાને ફરી એક વખત પ્રાર્થના. હાટકેશજનનું સદા—સર્વ મંગલ થાય એવી પ્રાર્થના. શામળિયાના ચારે હાથ મારી નાગરીનાત પર સદાય રહે તેવી મંગળ કામના સાથે રાધે—રાધે....

જ્યારે તમારૂં વ્યક્તિત્વ સારૂં હોવા છતાં તમને છોડી દે તો તે તમને ગુમાવી દે છે.

લી.

આપ સર્વેના નરસૈંયાના રાધે—ક્રિષ્ન

**(નરસિંહ કૃષ્ણદામોદરદાસ મહેતા)**

આલેખન : પ્રણવ બક્ષી, રાજકોટ. મો.૯૪૨૬૯૯૬૨૨૬

# ઐતિહાસીક તથ્યો અને નાગર સંસ્કૃતિ

ભારતના ઈતિહાસમાં ભારતને વિશ્વના નકશામાં અનેક વિભૂતી ઓનો ફાળો છે. તેમાં પણ નરસિંહ મહેતા આપણું અમુલું આભૂષણ છે.

નરસિંહ મહેતાના કુળ વિશેની ઐતિહાસીક વીગત જોતાં, વિ.સં. ૧૩૬૦માં મુસ્લિમ શાસન આહીલવાડમાં સ્થિર થતાં વડનગરથી નાગરના ૬૭ કુળોએ સૌરાષ્ટ્ર તરફ પ્રયાણ કર્યું.આમાં એક પંડયા કુટુંબધારી તળાજામાં સ્થિર થયું. તળાજાના તત્કાલિન શાસક નાગાર્જૂન નામના વાળા રાજપૂતે ભાણજી પંડયાને આશરો આપી,માયજમાં સામંત વાળાના કારભારી તરીકે નિમણુંક આપી.ભાણજી પંડયાના કુળમાં પુરૂષોત્તમ નામના ગ્રહસ્થ દ્વારીકાનાથના દર્શને વારંવાર જતા. દ્વારકાનાથે સ્વપ્નમાં દર્શન આપી કહયું કે મારી ભક્તિ કરનાર તારે ઘેર બે પુત્રોના જન્મ થશે તે બે પૈકી કૃષ્ણદાસ તે નરસિંહ મહેતાનો ૧૪૬૫માં જન્મ થયો.

મહારાજ શ્રી વિક્રમના ૧૫મા સૈકામાં સૌરાષ્ટ્રમાં ગૌબ્રાહ્મણ પ્રતિપાલ અને ચાર્તુવર્ણાશ્રમ ધર્મ સંરક્ષક ક્ષત્રિય રાજા ચુડાસમાઓનું રાજ ચાલતું હતું, તે સમયે (આશરે વિ.સં.૧૪૫૦–૧૫૦૬ સુધી) મહારાજા મહિપાળને કોઈ સંતતિ ન હોતી.તે મનથી દ્વારકાધીશની પૂજા કરતો તેની ધર્મપત્ની રાણી મોદલદેવી પવિત્રા,બુધ્ધિશાળી અને ધર્મનિષ્ઠ હતી.તેની ભકિતથી પ્રસન્ન થઈ, દ્વારકાધીશે રાજા મહિપાલને સ્વપ્નમાં દર્શન આપી જૂનાગઢ શ્રી દામોદરરાયનું મંદિર બાંધવા આજ્ઞા કરી અને તેને એક પુત્ર જન્શે એવું વરદાન આપ્યું.આ ઉપરથી રાજા મહિપાળે ઇ.સ.૧૪૬૯–૭૩માં દામોદરજીનું મંદિર અને કુંડ બનાવ્યાં. અને તે જ સમયમાં વૈષ્ણવી રાણી મોદલદેવીની કૂખે એક પુત્રરત્નનો જન્મ થયો.તેનું નામ તેણે રા માંડલિક પાડયું.

આજ સમયે વિ.સં.૧૪૬૯માં ભગવાને પીપાજી નામના પોતાના એક ભક્તને નરસિંહ મહેતા તરીકે અવતરવાની આજ્ઞા આપી,તેથી કૃષ્ણદાસ નામના નાગર બ્રાહ્મણને ઘેર જન્મ થયો.આજીવિકા અર્થે તે સમયના રાજ્ય દરબારમાં મુત્સદીગીરી કરતા તેથી તેની અટક પંડયા મટીને મહેતા પડી હતી.

આ સમયે તળાજામાં એક નૈસર્ગિક આપત્તિ આવી પડી તેથી જીવન

ખુલાસો એવી વ્યકિતને અપાય જેની શ્રવણ–સમજ શકિત બંને સારાં હોય

જીવનમાં બધા શોખ મોંઘા લાગે તો સમજવું કે કમાણી બાપની નહી આપણી છે.

પ્રગતિ સાધવાનો એક જ ઉપાય... ભૂલો શોધો પોતાની, બીજાની નહી.

ઈશ્વરને પણ તથાસ્તુ કહેતાં ડર લાગે છે કારણ કે– લોકો ફૂલ ધરીને બગીચો માંગી લે છે.

વ્યવહાર ચલાવવામાં મહાકલેશ થતો હોવાથી અને જૂનાગઢમાં ૧૪૭૧–૭૨માં પુત્ર જન્મ ઉત્સવ નિમિત્તે શ્રી દામોદરરાયનું નવું મંદિર તથા રેવતી કુંડ, જળાશયો વગેરે બંધાવવાથી નાગરો તળાજા છોડી જૂનાગઢ જઈ રહયા. આ જ સમયે શ્રી કૃષ્ણદાસ મહેતાને ઘેર ભક્તરાજ નાગરકુળ શિરોમણિ નરસિંહ મહેતાનો માગસર સુદ સાતમે જન્મ થયો હતો. આ જ અરસામાં ભકિત કરનાર રાજા મહિપાળને ઘેર રાહ માંડલિકનો જન્મ પણ થયો હતો. જે નાગરો તળાજાથી જૂનાગઢ આવીને વસ્યા તેમાંથી એક ભાગ માંગરોળ બંદરે જઈ વસ્યો. તેમાં પરબત મહેતા પણ ત્યાં ગયા.

નરસિંહ મહેતાની જન્મ તારીખ વિશે વિવાદ રહયો છે...અનંતપ્રસાદભાઈના કથન મુજબ – 'સંવત ચૌદસે સીત્તેર લગભગ કૃષ્ણદાસના ધામે પ્રકટયા શ્રી નરસિંહ પ્રતાપી શ્રી જૂનાગઢ ગામે.'

એક મત પ્રમાણે બાબુરાય જાધવરાય વૈષ્ણવની માહિતી પ્રમાણે નરસિંહ મહેતાનો જન્મ સં. ૧૪૬૫ વૈશાખ સુદ પૂનમ છે.

આગિયા વાવું ને સૂરજ ઊગતો
આમ હરિયો આંગણામાં પૂગતો
હાથમાં કરતાલ લેતો ને પછી
માંહ્યલો દામોદરે જઈ ડુબતો
વાંસળીના ગામમાં ઊભો રહી
ટેરવાનું ઘર બધાને પૂછતો
મૌન માફક હોઉં જો નિર્વસ્ત્ર હું
શબ્દના એ ચીર કાયમ પૂરતો
સૂર બે કેદારના જે છેડતો
હાર થઈ એના ગળામાં ઝૂલતો.
જગદીપ નાણાવટી, જેતપુર.

બીજા સાધુ સંતોએ સંસાર અસાર જોયો તે નરસિંહ મહેતાએ સંસારમાં પણ સાર જોયો અને સંસારમાં રહી ભકિત કરી. છતાં તે સમયના સમાજમાં તેને યોગ્ય માન સ્થાન તો ન મળ્યું પરંતુ સમાજના માનવ સહજ દુષીત સ્વભાવથી ટીકાને પાત્ર બન્નવું પડયું તેના કારણમાં અનંતપ્રસાદભાઈ સંતના રૂપમાં વિદ્વાન અને કુશળ વહીવટદાર કહે છે :

'પ્હેલી ભૂલ મથ્થા શૈવ મ્હેતા, બીજી ભૂલ વૈષ્ણવ વેશે રહેતા
ત્રીજી ભૂલ ન જગ સુખ મ્હાતા, ચોથી ભૂલ હરિગુણ ગાતા.'

આવા હરિના ભકતને સંસારમાં રહી ઘણા દુઃખો અને સામાજીક, સાંસારિક વ્યવહારનો સામનો કરવો પડયો હતો.

આ ભકત તવારીખે સોરઠ મૂળ ફારસીમાં ઈ.સ. ૧૮૨૫ સંવત ૧૮૮૧ જૂનાગઢ માજી દિવાન રણછોડજી દિવાને લખી છે. જેનો અંગ્રેજી અનુવાદ પૂરાતત્વવિદ બર્ગેસે નીચે મુજબ કર્યો છે.

Inspite of be holding so evedent micrales Raja Mandlik prohibited Narsinh Mehta from propegating the Vaishnav sat.

રાજા માંડલિક રાજકાળ ૧૪૮૯ – ૧૫૨૯ એ પાંચમો હતો.

વધુ ઈતિહાસ હવે પછી કોઈવાર...

ના જાણે
કઈ ફરિયાદના
અમે શિકાર થઈ ગયા
જેટલું દિલ સાફ રાખ્યું
એટલા ગુનેગાર
થઈ ગયા

–પિનાકી સૂર્યશંકર શુક્લ, રાજકોટ.
મો. ૯૪૦૯૫૨૯૩૬૮

# ઘડિયાળ અને આપણે !

ઘડિયાળ આપણા અનેક અંગોની જેમ અભિન્ન જીવન અંગ છે.એક બે દિવસ ઊંઘ વિના,જમ્યા વગર આપણે રહી શકીએ પરંતુ ઘડિયાળ વિના એક કલાક પણ રહી શકાતું નથી.એ બંધ પડી ગઈ હોય તો તુરત જ ચાલુ કરી દઈએ છીએ.. ઘડિયાળ 'ચાલે છે પરંતુ આપણને દોડાવે છે.

ઘડિયાળ અટકે તો ફરીથી ચલાવી શકાય પરંતુ આપણે અટકી જઈએ તો ફરી ચાલી શકતા નથી.

ઘડિયાળના ત્રણ કાંટાઓ છે જેમાં સેકન્ડ કાંટો આપણી યુવાની છે.જ્યારે આપણે નવ ઉત્સાહથી દોડતા હોઈએ અંશ કાંટો આપણી પ્રૌઢ અવસ્થા છે.જે 'ધીરી ધીરી બાપલીયા' સમજીને થોડો ધીમો ચાલે છે અને કલાકનો કાંટો આપણી વૃધ્ધાવસ્થા છે.જેમાં બહુ જ ધીમી ગતિએ આપણું જીવન જતું હોય છે.ધીમા પડી જતા હોઈએ છીએ.

ઘડિયાળના કાંટાઓ ગોળ ગોળ ફર્યા કરે છે.છતાં આપણી જિંદગી રફતાર તો ગોળ ગોળ નહી પરંતુ આગળ ધપતી હોય છે.

ઘડિયાળની 'ટક ટક' અવાજ એ ટક ટક નથી પરંતુ આપણને 'જાગૃત' રહેવાની પ્રેરણા આપે છે.ઘડિયાળના કાંટાં ખૂંચવાને બદલે આપણને જીવંત રાખે છે.

ઘડિયાળના રંગ અને પ્રકાર અનેક પ્રકારના હોય છે તેમ આપણી જિંદગીનું પણ એવું જ છે.

ઘડિયાળ ગમે તે રીતે રાખીશું તો પણ ચાલશે તેમ આપણે પણ ગમે તે પરિસ્થિતિમાં ચાલવું પડે.

ઘડિયાળ 'શેલ' તે સુક્ષ્મ શકિત છે એ જ રીતે હૃદયરૂપી સુક્ષ્મ શકિતથી આપણે ચાલીએ છીએ.

ઘડિયાળ એકમાત્ર કાર્ય સમય દર્શાવવાનું કરે છે પરંતુ એ સમયના આધારે જ આપણે અનેક કાર્યો કરવાના હોય છે.

ઘડિયાળના આકાર ગમે તે હોય જિંદગીના અલગ અલગ.ઘડિયાળ સૌને સરખો બતાવે પરંતુ સર્વેના જીવનનો સમય અલગ અલગ જ હશે.

ઘડિયાળનું કાર્ય સમય દર્શાવવાનું છે, સામે આપણા કાર્યો એ સમયને અનુસરીને કરવાના હોય છે.

માણસ ઘર વિનાનો થઈ શકે પરંતુ ઘડિયાળ વિનાનું કોઈ ઘર નહીં હોય.

અને...ઓહ! ઘડિયાળ ઘરનું અમર અસ્તિત્વ ધરાવતું સાધન છે... આપણે એવા નથી.આપણે ચાલ્યા જશું પરંતુ આપણા વિનાના ઘરમાં ઘડિયાળ તો હશે જ!!તેના વિનાનું ઘર નહી હોય! આમ ઘડિયાળ અને આપણા વિશે ઘણું આલેખી શકાય તેમ છે.ઘડિયાળની જેમ ચાલતા રહીએ...'ૐ ઘડીયાળૈ નમઃ'

– જસમીન દેસાઈ–'દર્પણ',રાજકોટ. મો. ૯૪૨૮૯૪૯૮૧૨

જીવનમાં પસ્તાવો કરવાનું છોડી દો.. એવું કંઈક કરો કે તમને છોડનારા પસ્તાય

પંચાત કરવાવાળા સફળ નથી થતા અને સફળ લોકો પંચાત કરતા નથી.

રંગોળીનું સર્જન પણ એમજ નથી થતું તેની માટે પણ અલગ અલગ રંગોએ એક થવું પડે છે.

અશક્ય ભલે કંઈ ન હોય પણ..બધું શક્ય બનાવવા પ્રયત્ન ન કરવો.

ગઝલ, વાર્તા અને દુહાઓના સંગ્રહ

## 'શબ્દ યાત્રા'




રાજકોટ સ્થિત કૃતજ્ઞ પરેશભાઈ પંડયાનું પ્રથમ પુસ્તક 'શબ્દ યાત્રા' પ્રસિદ્ધ થઈ ચૂક્યું છે,

જે કૃતજ્ઞ પંડયા દ્વારા છેલ્લાં ૧૦ વર્ષમાં લખાયેલ અનેક ગઝલો, વાર્તાઓ અને દુહાઓના સંગ્રહ છે. આ પુસ્તક એમેઝોન શોપીંગ એપ પર વેચાણ માટે ઉપલબ્ધ છે.

પુસ્તકની કિંમત રૂા. ૧૪૯/–

વધુ જાણકારી માટે અને ખરીદવામાં રસ ધરાવતા સૌ કોઈ મો.નં. ૬૩૫૬૯૮૨૩૯૮ ઉપર સંપર્ક કરશો.



## સરગમ ઇવેન્ટસ્

૭૦૬૯૦૦૦૮૯૮
૬૩૫૧૯૨૩૧૧૭

**સગાઈ, લગ્ન, રિસેપ્શન, એનીવર્સરી, બેબી શાવર, નામકરણ, જન્મદિવસ, કુટુંબ મેળો, વાસ્તુ વગેરે પ્રસંગોમાં નીચે મુજબની વ્યવસ્થા કરી આપશું.**

નામનો લોગો, આમંત્રણ પત્રિકાની પ્રિન્ટ - પીડીએફ - વિડિયો
પહેરામણી સ્ટીકર, વેલકમ બેનર, વેલકમ કાર્ડ/કિટ, છાબ
મંડપ, સ્ટેજ, લાઈટ, છાબ, કાર વગેરે ડેકોરેશન
ગીત- સંગીત, સાઉન્ડ, એન્કરિંગ, દરેક પ્રકારની એન્ટ્રી
મહેંદી, પાર્લર, ફૂલહાર, ફોટો કે વિડિયોગ્રાફી, કેટરિંગ, કેક
પ્રસંગ માટે પાર્ટી પ્લોટ, હોટલ, રિસોર્ટ, રૂમ, કાર, બસ

સરગમ સજાવશે અવસર



## ABM TRAVELS

**Discover your choice of destination in 2023,** we will make customized tour plan as per your requirement with choice of selected hotels/ resorts, top conditioned AC vehicles with courteous drivers and lots of sightseeing for your comfortable and stress free holidays- Chalo Jaldi Taiyar thai jav.

*Shimla Manali *Dalhousie *Dharamshala *Amritsar *VaishnoDevi*Ladakh kashmir *Nainital *Corbet *Mussoorie *Darjeeling *Gangtok *Ooty *Coorg*kerala* *Laksha dweep *Andaman *Gauhati *Shilong *Arunachal *Rajasthan *MP *South India *Goa *Nepal *Dubai *Singapore *Thailand *Malaysia*Bali *Maldives *Mauritius *Vietnam *Religious places and many more.

**Avinash Mehta 9820817318**
**abmtravels@gmail.com**


Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**
OR you can pay by using this QR code→

UPI ID: 9428700105@paytm
Paytm: 9428700105

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.


**નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર**
**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**
ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં, સિદ્ધપુર. મો.૯૮૨૪૩૧૧૬૦૯


BOOK POST

**માત્ર રૂા.૧૦૦માં આખું વર્ષ બરછી ઓનલાઈન વાંચી શકશો... આપને માટે આ મામુલી રકમ કકબનું પ્રકાશન (હાર્ડકોપી) ચાલુ રાખવામાં અમારા માટે અતિ મૂલ્યવાન બની રહેશે.–તંત્રી.**

મુદ્રણ : ફાઇન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.